વરસાદી મોસમને પગલે શાકભાજીના ભાવમાં વધારો

દહીં-છાશ-માખણ પર ટેક્સ બાદ હવે શાકભાજીના ભાવોએ ગૃહિણીઓની ચિંતા વધારી

ગાંધીનગર, તા.૧૯

કોરોના મહામારીને કપરાં કાળ બાદ પણ હજુ મધ્યમવર્ગ માટે મુશ્કેલીઓ ઓછી થવાનું નામ લેતી નથી જેમાં સૌથી વધુ મોટી સમસ્યા સતાવી રહી હોય તો તે મોંઘવારી છે. અગાઉ લીંબુ-મરચાના ભાવો મધ્યમ વર્ગનું મન ખાટું કર્યુ હતું તે પછી પેટ્રોલ ગેસ વધેલા ભાવોએ માજા મૂકતાં મોંઘવારી કૂદકેને ભૂસકે વધી રહી છે. અધૂરામાં પૂરું સરકારે પણ દહીં-છાશ અને માખણ જેવી ચીજવસ્તુઓ પર ટેક્સ લગાવ્યો છે તેમાં હવે "પડતા પર પાટુ" વાગે તેમ વરસાદી વાતાવરણને કારણે શાકભાજીના ભાવોમાં પણ વધારો થવા પામ્યો છે.

છેલ્લા એક સપ્તાહથી સતત જામેલા વરસાદી સીઝનને કારણે શહેરમાં શાકભાજીની આવકમાં ઘટાડો થવા પામ્યો છે જેના પગલે હાલ બજારમાં મળતાં મોટાભાગના શાકભાજી જેમ કે ગવાર, વાલ, ચોળી, પાપડી, વટાણા, ફણસી ૧૦૦થી ૧૬૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે પંહોચ્યાં છે. આમ જુઓ તો સામાન્ય રીતે ચોમાસામાં વેલા પર ઉગતાં શાકભાજીની આવક વધુ હોય છે, પરંતુ ગાંધીનગરમાં છેલ્લા કેટલાક દિવસોથી સતત વરસાદને કારણે શાકભાજીની આવકમાં અંદાજે ૨૫થી ૩૦ ટકાનો ઘટાડો થયો છે જેના પરિણામે બજારમાં શાકભાજીના ભાવમાં વધારો અનુભવાઈ રહ્યો છે. અત્યારે બજારમાં ભીંડા જે પહેલા ૫૦-૬૦ રૂપિયા પ્રતિ કિલો હતા તે હવે ૭૦-૮૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે વેચાઈ રહ્યા છે. ટીંડોળા પહેલા ૩૦-૪૦ રૂપિયા પ્રતિ કિલો હતા જે હવે ૫૦-૬૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે વેચાઈ રહ્યા છે. દુંગળી-બટાકાના ભાવો પણ પણ ૨૫થી ૩૫ રૂપિયે કિલો પંહોચ્યાં છે.

રાહતદરે ફાળવેલા પ્લોટની બાંધકામ સાથે વેચાણ પરવાનગી આપવા મહાસંઘની માંગ

ગાંધીનગર તા.૧૮

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ દ્વારા માર્ગ અને મકાન વિભાગના મંત્રી પૂર્ણેશભાઈ મોદીને પાટનગરમાં સરકારી અધિકારીઓ, કર્મચારીઓ અને અસરગ્રસ્ત ખેડૂતોને રહેણાંક માટે સરકાર દ્વારા રાહતદરે ફાળવેલા પ્લોટ પર કર્મચારી દ્વારા પોતાની કમાણીથી રહેણાંક મકાનો બાધવામાં આવ્યાં છે તેની બાંધકામ સાથે વેચાણ પરવાનગી આપવા માંગ કરવામાં આવી છે. ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલાએ કરેલી રજુઆતમાં જણાવ્યું છે કે "જે મકાનોમાં વર્ષોથી સરકારી અધિકારીઓ, કર્મચારીઓ વસવાટ કરે છે જેમાંથી મોટા ભાગના તો નિવૃત્ત થઈ ગયેલા છે અને જેઓ આર્થિક પરિસ્થિતિ કે પોતાના વતનમાં રહેવા જવા ઈચ્છાને કારણે પોતાને રાહતદરે મળેલ પ્લોટ પર બનાવવામાં આવેલ મકાન વેચાણ કરવા ઈચ્છતા હોય છે પરંતુ સરકારના નિયમ પ્રમાણે આ પ્લોટ અન્ય વ્યક્તિને વેચાણ કરવા માટે સરકારની વેચાણ મંજૂરી મેળવવાની હોય છે પરંતુ હાલ કોર્ટ મેટરને કારણે સરકાર દ્વારા વેચાણ મંજૂરીની કાર્યવાહી સ્થગિત કરવામાં આવી છે. આથી જરુરિયાતમંદ સરકારી અધિકારીઓ કે કર્મચારીઓ પોતાના મકાનો વેચાણ કરી શકતાં નથી આવી વેચાણ મંજૂરી માટેની અસંખ્ય અરજીઓ નિર્ણય માટે પડતર પડી રહેલી છે. કેટલાંક કર્મચારીઓ અને અધિકારીઓએ વેચાણ કરવા માટે હાઈકોર્ટેમાંથી વેચાણ પરવાનગી મેળવી પોતાના મકાનો વેચાણ કર્યા છે પરંતુ સામાન્ય કર્મચારીઓ કે અધિકારીઓને કોર્ટ ખર્ચ પરવડતું નહીં હોવાથી સરકારની વેચાણ મંજૂરીની રાહ જોતા બેઠાં છે. તાજેતરમાં સુપ્રીમ કોર્ટે દ્વારા આ બાબતે સરકારની કમિટી બનાવી મિલકત ટાન્સફર નોંધો પાડવા માટે વેચાણ માટે સુચના આપી છે પરંતુ વેચાણ મંજૂરી આપવામાં આવી નથી, આથી જરુરિયાતમંદ કર્મચારીઓ-અધિકારીઓ નારાજ થયેલા છે. સરકાર કક્ષાએથી વેચાણ મંજૂરી અંગે નિર્ણય કરવામાં આવે તેવી લાગણી અને માંગણી છે. આ નિર્ણયથી સરકારની આવકમાં વધારો થશે અને આર્થિક જરુરિયાતમંદ કર્મચારીઓ-અધિકારીઓ પોતાનું મકાન વેચાણ કરી શકે ધારાસભ્યના પ્લોટની ફરીયાદ કોર્ટ મેટર હોય તો ફક્ત ધારાસભ્યોના પ્લોટની વેચાણ મંજૂરી પેડીગ રાખવામાં આવે પરંતુ પાડાના વાંકે પખાલીને ડામ ના દેવાય. આથી સરકાર તરફથી સત્વરે માંગણી મુજબ વર્ષોથી પેડીંગ વેચાણ મંજૂરી અંગે નિર્ણય કરવામાં આવે તે માટે સચિવ કક્ષાએ નિમાયેલી કમિટીને ભલામણ કરવા વસાહત મહાસંઘ દ્વારા વિનંતી કરવામાં આવી છે.

આજે સેક-ઈસરોના નિષ્ણાતો વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કરશે

આજે "મુન ડે" નિમિત્તે સાયન્સ સિટી ખાતે સેક-ઇસરો દ્વારા પ્રદર્શન અને મૂન વોકિંગનો અનોખો અનુભવ : ૫૦૦થી વધુ વિદ્યાર્થીઓ ચંદ્રયાન-૨ અને મેન મિશન મૂવીઝનું સ્ક્રીનિંગ નિહાળશે અને વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેશે

ગાંધીનગર, તા. ૧૯

સાયન્સ સિટી ખાતે તા.૨૦મી જુલાઈએ માનવીના ચંદ્ર પર ઉતરાણની વર્ષગાંઠ અને પ્રથમ આંતરરાષ્ટ્રીય ચંદ્ર દિવસની ઉજવણી કરવા અને બાળકોની કલ્પના અને સમજને સમૃદ્ધ બનાવવા માટે, ગુજરાત સાયન્સ સિટી અને ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી-ગુજકોસ્ટ, સેક-ઈસરો અને વિજ્ઞાન પ્રસારના સહયોગથી એક શ્રેણીનું આયોજન કરી રહ્યાં છે. સાયન્સ સિટી ખાતે અને સમગ્ર રાજ્યમાં સ્થાનિક વિજ્ઞાન કેન્દ્રો અને કૉમ્યુનિટી સાયન્સ સેન્ટર પર શાળા અને કોલેજના વિદ્યાર્થીઓ તેમજ જાહેર જનતા માટે આકર્ષક કાર્યક્રમો અને આઉટરીચ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ અને મુલાકાતીઓ સાયન્સ સિટી ખાતે ચંદ્રયાન મિશન પરની ફિલ્મનું નિદર્શન , સેક-ઈસરોના અવકાશ વિજ્ઞાનીઓ સાથે લાઈવ વાર્તાલાપ, સ્પેસ ઓન વ્હીલ્સ પ્રદર્શન અને ચંદ્ર પર વર્ચ્યુઅલ વોક-થ્રુનો અનુભવ કરશે. વિદ્યાર્થીઓને ચંદ્ર પર તેમના વિચારો, કલ્પના અને સર્જનાત્મકતા લખવાની તક પણ મળશે. કાર્યક્રમમાં બધા ભાગ લેનારાઓને અવકાશયાત્રી હોવાની લાગણી સાથે સાથે વીઆર સેટનો ઉપયોગ કરીને ચંદ્ર પર ચાલવાનો અનુભવ કરવાની તક પણ મળશે. વધુમાં, અગાઉના મૂન મિશન દ્વારા, ૧૯૬૯થી ૧૯૭૨ દરમિયાન માત્ર ૧૨ અવકાશયાત્રીઓને એપોલો સ્પેસ મિશન દ્વારા ચંદ્ર પર ચાલવાનો અનુભવ હતો. હવે ૧૩મા અવકાશયાત્રી માટે તક છે જેઓ નવી આશાઓ અને આકાંક્ષાઓ સાથે ચંદ્ર પર ઉતરી શકે છે. અત્રે ઉલ્લેખનીય છે કે તા.૨૦મી જૂલાઈ, ૧૯૬૯ના રોજ એપોલો-૧૧ સ્પેસ ક્રાફ્ટ દ્વારા માનવીને ચંદ્ર પર લઈ જવામાં આવ્યા અને ચંદ્રની સપાટી પર ઉતરાણ કર્યા બાદ ૬ કલાક પછી ચંદ્રની સપાટી પર નીલ આર્મસ્ટ્રોંગ અને એડવિન "બઝ" એલ્ડ્રિને "માણસ માટે એક નાનું પગલું, માનવજાત માટે એક વિશાળ કૂદકો" સમાન સૌપ્રથમ પગ મૂક્યો હતો. તેમણે સ્પેસ ક્રાફ્ટની બહાર અઢી કલાક જેટલો સમય ગાળ્યો હતો. આ સાથે ૫૩ વર્ષ પહેલાં, વિશ્વ માત્ર એક મિનિટ માટે થંભી ગયું અને દરેક વ્યક્તિએ આ જોયું ત્યાર બાદ બંનેએ સાથે મળીને ૪૭.૫ પાઉન્ડ જેટલી ચંદ્રની સામગ્રી એકત્રિત કરી હતી. સ્પેસ સાયન્સ અને રિસર્ચ પ્રોગ્રામે યુવાઓ અને યુવા નથી તેવા નાગરિકોને પણ પ્રેરણા પૂરી પાડી છે. અસંખ્ય યુવાનોને વિજ્ઞાન અને ટેક્નોલોજી પર ધ્યાન કેન્દ્રિત કરવા પ્રોત્સાહિત કર્યા છે. અવકાશયાત્રી બનવાનો વિચાર, કેટલાક ચોક્કસપણે કરશે, એક શક્તિશાળી પ્રેરણા છે. તેથી અવકાશમાં માનવ જ્ઞાન અને સમજણને આગળ વધારવા માટે આવા શિક્ષણનો ઉપયોગ કરવાની સંભાવના પણ છે. આ તકનો લાભ લઈ સૌને ગુજરાત સાયન્સ સિટીની મુલાકાત લેવા અને પ્રથમ આંતરરાષ્ટ્રીય ચંદ્ર દિવસે ચંદ્ર પર ઉતરવાના મિશનનો ભાગ બનવા સંચાલકિ દ્વારા વિનંતી કરવામાં આવી છે.

ડીઆરડીએના કરાર આધારિત કર્મચારીઓની પડતર પ્રશ્નો અંગે મુખ્યમંત્રીને રજુઆત

લાંબા સમયથી ફિક્સ પેમાં કાર્યરત કર્મચારીઓએ કાયમી કરવા સહિત મળવાપાત્ર લાભો સહિતના પડતર પ્રશ્નો અંગે રજુઆત : મુખ્યમંત્રીનો સકારાત્મક પ્રત્યુતર

ગાંધીનગર, તા. ૧૯

ગુજરાત રાજ્યભરમાં ગ્રામ વિકાસ વિભાગ હેઠળ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અંતર્ગત જીલ્લા, તાલુકા અને ગ્રામ્યકક્ષાએ મહેકમની જગ્યાઓ પર કાયમી મંજુર ૧૧ માસના કરાર આધારિત

કર્મચારી તરીકે વર્ષ ૨૦૦૭થી અત્યાર સુધી કાયમી કર્મચારીઓ જેવી સમાન ફરજો છેલ્લાં ૧૪ વર્ષથી બજાવતાં કર્મચારીઓ મોટી સંખ્યામાં આજે ગાંધીનગરના સેક્ટર-૧૨માં ઉમિયા મંદિરના ઉમા સમાજ ભવન ખાતે એકઠાં થયાં હતા. આ કર્મચારીઓના પ્રતિનિધિઓએ આજે સચિવાલયમાં સ્વર્ણિમ સંકુલ ખાતે મુખ્યમંત્રી સાથે મુલાકાત કરીને તેમને કાયમી કરવા સાથે મળવાપાત્ર લાભો સહિતના પડતર પ્રશ્નો અંગે રજુઆત કરી હતી જે અંગે પ્રા?ત માહિતી અનુસાર મુખ્યમંત્રીએ સકારાત્મક પ્રત્યુતર પાઠવ્યો હતો. ગુજરાત સરકાર દ્વારા બ્રિટિશ વિભાગોમાં મહેકમ ભરવા માટે લાંબા વર્ષોથી અપનાવાઈ રહેલી ફિક્સ પે નીતિ સામે વારંવાર વિરોધ વંટોળ ઉભા થઈ રહ્યાં છે અને લાંબા સમયથી ફિક્સ પગારમાં કાર્યરત કર્મચારીઓ દ્વારા તેમને કાયમી કરવા અંગેની માંગો ઉઠવા પામી રહી છે. ગ્રામ વિકાસ એજન્સી અંતર્ગત જીલ્લા, તાલુકા અને ગ્રામ્યકક્ષાએ મહેકમની જગ્યાઓ પર કાયમી મંજુર ૧૧ માસના કરાર આધારિત કર્મચારી તરીકે વર્ષ ૨૦૦૭થી અત્યાર સુધી કાયમી કર્મચારીઓ જેવી સમાન ફરજો છેલ્લાં ૧૪ વર્ષથી જે કરાર આધારિત કર્મચારીઓ બજાવી રહ્યાં છે તેમના દ્વારા જે જે કર્મચારીઓના સળંગ પાંચ વર્ષ પુરા થયાં છે તેમને કાયમી કરવા સહિતના પડતર પ્રશ્નો અંગે આજે મુખ્યમંત્રીને રજુઆત કરવામાં આવી હતી. આ પડતર પ્રશ્નોમાં કર્મચારીઓને ભારત સરકારના ગ્રામીણ વિકાસ વિભાગના તા.૧લી નવેમ્બર, ૨૦૨૧ના પત્ર અન્વયે એડમિનના કર્મચારીઓને કાયમી કરી જિલ્લા પંચાયતમાં સમાવેશ કરવા, પાંચ વર્ષ પુરા કર્યા હોય તેવા કર્મચારીઓ માટે બઢતીના નિયમો નક્કી કરવા, સરકારના પ્રવર્તમાન પગાર પંચનો લાભ આપવા, વખતોવખત બહાર પાડવામાં આવતાં ઈજાફા અને મોંઘવારી ભથ્થાં આપવા, મળવાપાત્ર તમામ રજાઓનો લાભ આપવા, ૩ મહિનાથી વધુના ચાર્જ માટે સમાન હોદ્દામાં પાંચ ટકા અને ઉચ્ચ હોદ્દામાં ૧૦ટકા ચાર્જએલાઉન્સ આપવા તેમજ પગાર અંગેની વિસંગતતા દૂર કરી પગારવધારો આપવા વગેરેનો સમાવેશ થાય છે.

લેકાવાડા-ભૂંડીયા(ધરમપુર) સહકારી મંડળીમાં કનકસિંહ રાણાની વાઈસ ચેરમેનપદે બિનહરિફ વરણી

ગાંધીનગર, તા.૧૯

લેકાવાડા-ભૂંડીયા (ધરમપુર) ગૃપ સેવા સહકારી મંડળી છેલ્લા ૩૫ વર્ષથી કામગીરી કરી રહી છે તેમાં બંને ગામમાં સભાસદો સુલેહ શાંતિથી વહીવટ દ્વારા મંડળીના વિકાસની કામગીરી કરતા રહ્યાં હતા. અત્યાર સુધી ભૂંડીયા(ધરમપુર) ગામના સભાસદો કારોબારીમાં સમાવિષ્ટ થઈ સાથે રહી દિનપ્રતિદિન મંડળીની પ્રગતીમાં ચાવીરૂપ ભૂમિકા ભજવતા હતા પરંતુ આ વખતે પહેલીવાર મંડળીની કારોબારીમાં ભૂંડીયા(ધરમપુર) ગામના કનકસિંહ રાણા વાઈસ ચેરમેનપદે બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે કનકસિંહ રાણા મંડળીના બોર્ડ ઓફ ડિરેક્ટરમાં છેલ્લી બે ટર્મથી બિનહરીફ ચૂંટાતા આવ્યા છે. તેમના મોટા ભાઈ ગામના સરપંચો અને તેઓ મધુર ડેરીના ચેરમેન ડો.શંકરસિંહ રાણાના

નાના ભાઈ છે. કનકસિંહ રાણાની વાઈસ ચેરમેન પદે થયેલી વરણીને બન્ને ગામના સભાસદોએ આનંદથી વધાવી લીધી હતી.

ચંદ્રાલાથી લકઝરી બસમાંથી ૨૪ નંગ દારૂની બોટલ મળી

ગાંધીનગર, તા.૧૯

ચિલોડા પોલીસ જવાનોએ ચંદ્રાલા નાકા પોઈન્ટ પર વાહન ચેકીંગની કામગીરી દરમિયાન લકઝરી બસમાંથી બિનવારસી થેલામાંથી રૂ.૭૨૦૦ ની કિંમતની વિદેશી દારુની ૨૪ બોટલ મળી આવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી. મળતી વિગત મુજબ ચિલોડા પોલીસ મથકના જવાનો ચંદ્રાલા નાકા પોઈન્ટ પર વાહન ચેકીંગની કામગીરી કરી રહ્યા હતા. તે સમયે હિંમતનગર તરફથી આવી રહેલી લેક સીટી ટ્રાવેલ્સની બસ નં.એ.આર.૦૧.ક્યુ-૦૭૦૦ ને સાઈડમાં ઉભી રખાવી ડ્રાઈવર-કંડકટરને સાથે રાખી મુસાફરનો સામાન ચેક કરી રહ્યા હતા. તે સમયે સ્લિપર કોચમાંથી બિનવારસી થેલો મળી આવ્યો હતો.

જે સ્લિપર કોચમાં કોઈ મુસાફર ન હતું. જેથી પોલીસે થેલો ચેક કરતા તેમાંથી વિદેશી દારૂની ૨૪ નંગ બોટલ કિં.૭,૨૦૦ ની કિંમતનો મુદ્દામાલ કબ્જે કરી પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, જીસીઈઆરટી કેમ્પસ, સેક્ટર-૧૨ ખાતે રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન પરિષદ અંતર્ગત શિક્ષક તાલીમ શિબિર યોજાઈ હતી.

આ તાલીમ કાર્યક્રમ અંતર્ગત શિક્ષક તાલીમ શિબિર યોજાઈ હતી. આ તાલીમ કાર્યક્રમ અંતર્ગત શિક્ષકોને સઘન તાલીમ આપવામાં આવી હતી.

શહેરમાં જાહેરમાં શૌચક્રિયાના પગલે ગંદકીનો માહોલ

ઝુંપડપટ્ટી વિસ્તારમાં રહેતા લોકો જાહેરમાં શૌચક્રિયા કરતા અસહ્ય દુર્ગંધ અને પાણી ભરાવાથી મચ્છરોનો ઉપદ્રવ થવાની ભીતિ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરમાં જાહેર શૌચાલયોની સુવિધાઓ હોવા છતાં લોકો જાહેરમાં શૌચ કરતા જોવા મળી રહ્યા છે. જેમાં ઝુંપડપટ્ટીમાં રહેતા માણસો દ્વારા સૌથી વધુ ગંદકી કરવામાં આવી રહી છે. સેક્ટર-૬, ઘ-૫, સે. ૨૧ એમએલએ ક્વાટર્સ પાસે, અપના બજાર જેવા વિસ્તારોમાં ઝુંપડપટ્ટીના કારણે ગંદકી ફેલાઈ રહી છે. ઝુંપડપટ્ટીમાં રહેતા લોકો જાહેરમાં શૌચક્રિયા કરતા આસપાસના રહીશોને રેહવું મુશ્કેલ બન્યું છે. કારણ કે ચોમાસામાં અસહ્ય દુર્ગંધ ફેલાઈ રહી છે અને ગંદકીના થર જામેલા જોવા મળી રહ્યા છે. જે ડેન્ગ્યુ, મેલેરિયા, સ્વાઈનફ્લુ જેવા બિમારીઓનું કારણ બની શકે છે. ગાંધીનગરમાં દરેક સેક્ટરોમાં ઝુંપડપટ્ટીધારકોના અડ્ડા જમાવેલા છે. જેમાં આસપાસના રહીશોને હાલાકી પડી રહી છે. ચોમાસાના આ દિવસોમાં સ્વાસ્થ્ય અંગે કાળજી રાખવી ખૂબ જરૂરી છે ત્યારે આ ગંદકીથી અને દુર્ગંધથી શહેરીજનો તોબા પોકારી ઉઠ્યા છે. જાહેર શૌચાલયોનો ઉપયોગ ન કરતા જાહેરમાં શૌચક્રિયા કરતા લોકોના કારણે શહેર ગંદકીથી ખદબદી રહ્યું છે. જ્યાં જ્યાં

ઝુંપડપટ્ટી છે ત્યાં ત્યાં ગંદકી છે. જેમાં વરસાદના પાણી ભરાઈ રહ્યા છે. કાદવ-કીચડ સર્જાયા છે. ઘ-૫માં ઝુંપડપટ્ટીના પાછળ ખાણી-પીણી ધમધમી રહી છે.

શહેરીજનો આ દબાણના કારણે ફરિયાદો કરી રહ્યા છે હાઈ પ્રોફાઈલ વિસ્તારોમાં આ દબાણો આવી જવાના કારણે રહીશો આ દબાણો દૂર કરવાની માંગ કરી રહ્યા છે. હાલમાં જીએમસી તંત્ર દ્વારા સે. ૨૧માં કેટલાક દબાણો હટાવવામાં આવ્યા છે તેમ આ ઝુંપડપટ્ટી પણ દૂર કરવાની માંગ થઈ રહી છે. શહેરમાં કેટલાક વિસ્તારમાં ઝુંપડપટ્ટીમાં રહેતા માણસો જાહેરમાં નહાવા ધોવાનું અને અન્ય ગેરવર્તુણૂંક કરતા રહીશોમાં અસલામતીની લાગણી પ્રસરી રહી છે. રાત્રી દરમિયાન આ વિસ્તારોમાંથી પસાર થવામાં લોકોને ભય લાગે છે. ચોમાસામાં જે તે જગ્યા પર નાખેલા એંઠવાડના કારણે દુર્ગંધ ફેલાઈ રહી છે અને આસપાસ ખાણી-પીણીની દુકાનો હોવાથી બિમારીઓ ફેલાઈ શકે છે. પાણી ભરાયેલા આ વિસ્તારોમાં મચ્છરોની ડેન્સીટી વધી રહી છે. તેથી બિમારીઓ ફેલાવાની દહેશત છે.